સ્વચ્છ વડોદરાના બણગાં ફૂંકતું કોર્પોરેશન, શહેરની મધ્યમાં જ સફાઈ કરવામાં ઉણુ ઉતર્યું તંત્ર

# શહેરની મધ્યમાં આવેલા ન્યાય મંદિર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય યથાવત

કચરાના ઢગલાને કારણે અસહ્ય દુર્ગંધથી રાહદારીઓ અને વેપારીઓ ત્રાહિમામ





(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા એકબાજુ વડોદરાને ‘સ્માર્ટ સિટી’ અને ‘સ્વચ્છ શહેર’ બનાવવાની વાતો કરવામાં આવે છે, પરંતુ શહેરના મધ્યમાં આવેલા અને ઐતિહાસિક ઓળખ ધરાવતા ન્યાય મંદિર તેમજ લાલ કોર્ટ વિસ્તારમાં પરિસ્થિતિ તદ્દન વિપરીત જોવા મળી રહી છે. અહીં ઠેર-ઠેર કચરાના ઢગલા અને તેમાંથી આવતી અસહ્ય દુર્ગંધને કારણે રહીશો, વેપારીઓ અને મુલાકાતીઓનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ન્યાય મંદિર અને લાલ કોર્ટની સામેના ભાગમાં કચરાપેટીઓની પૂરતી વ્યવસ્થા નથી. પરિણામે, લોકો મજબૂરીમાં રસ્તા પર જ કચરો નાખવા પ્રેરાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમિત સફાઈ થતી હોવાના દાવાઓ વચ્ચે અહીં ગંદકીનું સામ્રાજ્ય દિન-પ્રતિદિન વકરતું જાય છે. હાલ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે, ત્યારે આસપાસની મસ્જિદોમાં નમાઝ પઢવા આવતા શ્રદ્ધાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પર ફેલાયેલી ગંદકી અને કચરાના ઢગલામાંથી આવતી તીવ્ર દુર્ગંધ ભક્તિમય વાતાવરણમાં ખલેલ પહોંચાડી રહી છે. નમાઝીઓમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, પવિત્ર માસમાં પણ જો તંત્ર સફાઈ બાબતે આળસ દાખવતું હોય, તો સામાન્ય દિવસોમાં શું અપેક્ષા રાખવી ? માત્ર દુર્ગંધ જ નહીં, પણ ગંદકીના કારણે આ વિસ્તારમાં મચ્છરો અને માખીઓનો ઉપદ્રવ પણ ચિંતાજનક રીતે વધી ગયો છે. ઉનાળાની શરૂઆતમાં જ જો આવી સ્થિતિ હોય, તો આગામી સમયમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગચાળા ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઉભું થયું છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવે તેવી લોકમાંગ ઉઠી છે.

નિઝામપુરા બસ ડેપોની બદતર હાલત

# સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે મુસાફરો પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારે છે

શૌચાલયમાં તાળાબંધી અને પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નહીં, મુસાફરો ખુલ્લામાં શૌચ કરવા મજબૂર





(પ્રતિનિધિ) વડોદરા, તા.11

એક તરફ વડોદરા શહેરને ‘સ્માર્ટ સિટી’ બનાવવા માટે તંત્ર દ્વારા મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલા બસ ડેપોની વરવી વાસ્તવિકતા સામે આવી છે. આ બસ ડેપો પર મુસાફરો માટે પીવાના પાણી કે શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો પણ અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે રોજિંદા હજારો મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. નિઝામપુરા બસ ડેપોના વાયરલ થયેલા વીડિયો અને મળતી માહિતી મુજબ, અહીં બનાવવામાં આવેલા શૌચાલયો અત્યંત ગંદકીથી ભરેલા છે અથવા તો તેને તાળા મારી દેવામાં આવ્યા છે. શૌચાલયની વ્યવસ્થા ન હોવાને કારણે મુસાફરોને ભારે શરમજનક સ્થિતિમાં મુકાવું પડે છે અને મજબૂરીવશ અનેક લોકોએ ખુલ્લામાં શૌચ કરવાની નોબત આવી રહી છે.

માત્ર શૌચાલય જ નહીં, પરંતુ પીવાના શુદ્ધ પાણીની પણ અહીં કોઈ વ્યવસ્થા નથી. ઉનાળાની શરૂઆત પહેલા જ આવી સ્થિતિ જોઈને મુસાફરોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકો અને મુસાફરોનો આરોપ છે કે સ્માર્ટ સિટી મિશન હેઠળ આધુનિક સુવિધાઓની વાતો માત્ર કાગળ પર જ છે, જ્યારે જમીની હકીકત કંઈક અલગ જ છે. સ્થાનિક લોકોની માગ છે કે પ્રશાસન આ ગંભીર સમસ્યા પર તાત્કાલિક ધ્યાન આપે. બસ ડેપોમાં સ્વચ્છતા જાળવવામાં આવે, શૌચાલયો કાર્યરત કરવામાં આવે અને પીવાના પાણીની યોગ્ય પરબની વ્યવસ્થા કરવામાં આવે. જો વહેલી તકે આ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ નહીં કરાવાય તો મુસાફરોની મુશ્કેલીઓ આગામી દિવસોમાં વધુ વધી શકે છે.

જેલમ ચોકસીના અધ્યક્ષસ્થાને ડ્રેનેજ સમિતિની બેઠક મળી

# વિદાય લેતા બોર્ડની વડોદરાને ભેટ: ડ્રેનેજ અને રોડ મરામતના કામોને મંજૂરી

રૂ. 13.50 લાખના ખર્ચે ક્લિનિંગ અને રોડ દુરસ્તીના કામોને મંજૂરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મહાનગરપાલિકાના વર્તમાન બોર્ડની મુદત પૂર્ણ થવાના આરે છે, ત્યારે શહેરના પાયાના પ્રશ્નોના નિકાલ માટે તંત્ર વેગવંતુ બન્યું છે. આજે પાલિકાના સમિતિખંડમાં ડ્રેનેજ અને સુએઝ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક અધ્યક્ષા જેલમ ચોકસીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્કની જાળવણી અને મરામતને લગતા મહત્વના પ્રસ્તાવો પર મહોર મારવામાં આવી હતી. વર્તમાન ચૂંટાયેલા બોર્ડની ટર્મ પૂરી થવા જઈ રહી હોવાથી આજની આ બેઠકને વહીવટી અને રાજકીય દ્રષ્ટિએ ખાસ ગણવામાં આવી રહી હતી. બેઠકમાં બાકી રહેલા મહત્વના પ્રોજેક્ટ્સ અને જનહિતના કામોને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ કામો પર સમિતિના સભ્યો દ્વારા ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. શહેરના તમામ ઝોન અને વોર્ડમાં ચોમાસા પૂર્વે અથવા નિયમિત જાળવણીના ભાગરૂપે જૂની ડ્રેનેજ લાઈનોનું ક્લિનિંગ અને તેને કારણે બગડેલા રોડની દુરસ્તી કરવી અનિવાર્ય હતી. આ અંગેના કામો માટે કમિશનર તરફથી મળેલી ભલામણો પર સમિતિએ મંજૂરી આપી છે. ડ્રેનેજ ક્લિનિંગ અને રોડ રિપેરિંગ માટે યુનિટ રેટના આધારે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઈજારદાર મેસર્સ મેલડી એન્જિનિયરીંગ વર્ક્સ દ્વારા રજૂ કરવામાં આવેલા SOR મુજબના બિનશરતી ભાવપત્રને સમિતિએ ગ્રાહ્ય રાખ્યો હતો. સમિતિએ આ તમામ કામો માટે રૂપિયા 13.50 લાખની નાણાકીય મર્યાદામાં કામગીરી કરવાની વહીવટી મંજૂરી આપી છે. બેઠકના અંતે અધ્યક્ષા જેલમ ચોકસીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, “શહેરના સુચારુ વિકાસ માટે મજબૂત ડ્રેનેજ સિસ્ટમ પાયાની જરૂરિયાત છે. આ નવી મંજૂરીથી શહેરના અનેક વિસ્તારોમાં ડ્રેનેજ ચોકઅપની સમસ્યા હલ થશે અને રસ્તાઓની સ્થિતિ સુધરશે, જેનો સીધો લાભ વડોદરાના નાગરિકોને મળશે.

ઉનાળાની શરૂઆતે વીજળી ગુલ થવાની ફરિયાદો

# દશરથમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાતા ગ્રામજનોને હાલાકી

છાણી ફીડરનો હેલ્પલાઇન નંબર સતત વ્યસ્ત રહેતા લોકો રાત્રી ઉજાગરા કરવા મજબુર

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

માર્ચ મહિનામાં ઉનાળાની હજી શરૂઆત છે. તેવામાં કેટલાક વિસ્તારોમાં વીજળી ગુલ થવાની ફરિયાદો ઉઠી છે અને તેમાંય સંબંધિત વીજ કંપનીની કચેરીમાં કોઈ ફોન ઉપાડતું નથી તેમજ ફોન વ્યસ્ત આવી રહ્યો હોવાના આક્ષેપોનો દોર પણ શરૂ થયો છે. ત્યારે, અવારનવાર વીજળી ગુલ થતા રહીશો હાલાકી વેઠવા મજબુર બન્યા હતા. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનો પ્રકોપ ધીમે ધીમે વધવા માંડ્યો છે. માર્ચમાં ઉનાળો ભરપૂર હોવાનું માનવામાં આવી રહ્યું છે. જ્યારે, બીજા સપ્તાહમાં ગરમીનો પારો 40 ડિગ્રીએ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ ગરમીની શરૂઆત થઈ છે, તો સાથે સાથે કેટલાક વિસ્તારોમાં વીજળી અવારનવાર ફુલ થતી હોવાની ફરિયાદો પણ ઉઠી છે. શહેર નજીક આવેલા દશરથ ગામે પણ છેલ્લા ઘણા વર્ષોથી ઉનાળાની શરૂઆત એ વીજળી ગુલ થવાની સમસ્યા યથાવત જોવા મળી છે. મધરાત્રિએ લાઈટો જતા રહીશો હેરાન પરેશાન થયા હતા. દશરથ ગામ ખાતે રહેતા હિતેન ભાઈએ જણાવ્યું હતું કે, હજી તો માર્ચ મહિનાની શરૂઆત થઈ છે. આગામી દિવસોમાં ગરમી વધશે. એવામાં તો અમારી ત્યાં કલાકો સુધી લાઈટો ગુલ થવાનું શરૂ થઈ ગયું છે. એમજીવીસીએલના છાણી ફીડરમાં ફરિયાદ કરવા માટે ફોન કર્યો હતો, તો સતત ફોન વ્યસ્ત આવ્યો હતો.

રસ્તા પર ડામર ઓગળતા રાહદારીઓના ચંપલ ચોંટ્યા

# શહેરના મકરપુરામાં કરોડોના ખર્ચે બનેલો નવો રસ્તો માત્ર 5 જ દિવસમાં ‘પીગળ્યો’!

એડવોકેટની મ્યુનિસિપલ કમિશનરને ચીમકી આપી કહ્યુ‘ કોન્ટ્રાક્ટર પર FIR કરો નહીંતર હાઈકોર્ટ જઈશું.’



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરના મકરપુરા એસ.ટી. ડેપોની પાછળ મકરપુરા ડેપોથી એરફોર્સ રોડ તરફ જતો નવો ડામર રોડ બનાવ્યાના માત્ર પાંચ જ દિવસમાં બિસ્માર બની જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હલકી ગુણવત્તાના મટીરિયલને કારણે રોડ પર ડામર ઉખડી ગયો છે અને વાહનચાલકો તેમજ રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. મકરપુરા એસ.ટી. ડેપો પાછળ આવેલા ઓકધામ અને મિલકત સોસાયટી વિસ્તારને જોડતો આ રોડ પાંચ દિવસ અગાઉ જ બનાવવામાં આવ્યો હતો. કાળઝાળ ગરમીને કારણે રોડ પર વપરાયેલું હલકી ગુણવત્તાનું ડામર પીગળવા લાગ્યું છે, જેના કારણે રોડ પરથી પસાર થતા લોકોના ચંપલ અને બૂટ રોડ પર ચોંટી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો લોકોએ પોતાના ચંપલ રોડ પર જ છોડીને ઉઘાડા પગે જવાની નોબત આવી છે. આ ઉપરાંત, રોડ પર પડેલા ખાડા અને ઉખડેલા ડામરને કારણે વાહનચાલકો સ્લિપ ખાઈ રહ્યા હોવાની પણ ફરિયાદો ઉઠી છે. આ મુદ્દે વિપક્ષના કાર્યકર અને એડવોકેટ ધર્મેન્દ્રસિંહ રાજપૂતે તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, વડોદરા કોર્પોરેશન ભ્રષ્ટાચારનું પ્રતીક બની ગયું છે. વોર્ડ નંબર 19 માં વિકાસના નામે માત્ર વેડફાટ થઈ રહ્યો છે. ધર્મેન્દ્રસિંહ રાજપૂતે મ્યુનિસિપલ કમિશનર, જવાબદાર એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં વિકાસના બણગા ફૂંકતી કોર્પોરેશન માટે આ રોડની સ્થિતિ એક મોટો પડકાર બની છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ હલકી ગુણવત્તાના કામ માટે કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરે છે કે પછી હંમેશાની જેમ ભીનું સંકેલવામાં આવે છે.

દાંડિયા બજારમાં સુરક્ષાના નિયમોના સરેઆમ ધજાગરા ઉડ્યા

# મોતના જોખમે મજૂરી! દાંડિયા બજારમાં સેફ્ટી વગર શ્રમિકો કામ કરતા દેખાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના હાર્દ સમાન દાંડિયા બજાર વિસ્તારમાં શ્રમિકો કોઈપણ પ્રકારના સુરક્ષા સાધનો વિના ગંદા પાણીમાં ઉતરીને કામગીરી કરી રહ્યા ના દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. આ દ્રશ્યો જોતા સવાલ એ ઉભો થાય છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? કોર્પોરેશનના હોય કે કોન્ટ્રાક્ટરના, આ કર્મચારીઓ અત્યંત જોખમી રીતે કામ કરી રહ્યા છે. જે ગંદા પાણીમાં ઝેરી ગેસ કે ઈન્ફેક્શનનું જોખમ રહેલું હોય છે, તેમાં આ શ્રમિકો ખુલ્લા પગે અને ખુલ્લા હાથે ઉતરી રહ્યા છે. પગમાં સુરક્ષા માટે ગમબૂટ નથી કે હાથમાં ગ્લવ્ઝ પણ પહેરવામાં આવ્યા નથી. ગરમીના દિવસોમાં જ્યારે ચેપી રોગચાળાનું જોખમ વધુ હોય છે, ત્યારે આ પ્રકારે સેફ્ટી વગર કામ કરાવવું એ માનવ અધિકારોનું પણ ઉલ્લંઘન ગણી શકાય. નિયમ મુજબ, જ્યારે પણ કોઈ પણ કર્મચારીને ડ્રેનેજ કે પાણીની લાઈન માટે ઉતારવામાં આવે, ત્યારે તેને હેલ્મેટ, જેકેટ, ગમબૂટ અને ઓક્સિજન માસ્ક જેવા સાધનો પૂરા પાડવા ફરજિયાત છે. જોકે, દાંડિયા બજારના આ કિસ્સામાં કોન્ટ્રાક્ટર દ્વારા નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જણાય છે. કોર્પોરેશનના અધિકારીઓ આ બાબતે કેમ મૌન છે અને સુપરવાઈઝરની હાજરીમાં આ પ્રકારનું જોખમી કામ કેવી રીતે ચાલી રહ્યું છે, તે તપાસનો વિષય છે. દાંડિયા બજાર જેવા વ્યસ્ત વિસ્તારમાં જ્યારે ભરબપોરે આ કામગીરી ચાલતી હતી, ત્યારે પસાર થતા નાગરિકોમાં પણ આ જોઈને આશ્ચર્ય અને રોષ જોવા મળ્યો હતો. લોકોનું કહેવું છે કે સ્માર્ટ સિટીની વાતો કરતા વડોદરામાં શ્રમિકોના જીવની કોઈ કિંમત હોય તેમ લાગતું નથી. જો આ કામગીરી દરમિયાન કોઈ દુર્ઘટના ઘટે, તો તેનો જવાબદાર કોણ? હવે જોવાનું એ રહે છે કે આ બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સફાળું જાગશે કે પછી હજુ પણ શ્રમિકોના જીવ સાથે આ રીતે જ રમત રમાતી રહેશે.

મહારાજા સયાજીરાવ કો-ઓપરેટીવ સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યાં

# એસીના આઉડોરમાંથી કોપર ચોરી તસ્કરો ફરાર


**સમગ્ર** મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી મહારાજા સયાજીરાવ કો-ઓપરેટીવ સોસાયટીમાં લગાવેલી એસીના આઉટડોર ને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા અને તેમાંથી કોપર કાપીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા સંચાલિત મહારાજા સયાજીરાવ કો-ઓપરેટિવ સોસાયટી છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત છે. યુનિવર્સિટી ની હેડ ઓફિસ પાછળ આવેલી આ કો-ઓપરેટીવ સોસાયટીમાં લગાવવામાં આવેલી એસીના આઉટડોર ને મોડી રાત્રિના સમયે તસ્કરોએ નિશાન બનાવ્યા હતા અને આઉટડોરમાં લગાવેલા એસીના કોપર કેબલ કાપીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે સોસાયટીના સભ્યો સ્થળ પર આવ્યા ત્યારે એસી આઉટડોરમાં લગાવેલા કેબલો ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવને લઈ સોસાયટીના સભ્યોમાં ચિંતા અને રોષ ફેલાયો છે. ઘટનાની જાણ થતા સોસાયટીના જવાબદારો દ્વારા સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ સમગ્ર મામલે તપાસ હાથ ધરશે અને આસપાસના સીસીટીવી કેમેરાના આધારે તસ્કરો સુધી પહોંચવાનો પ્રયાસ હાથ ધરવામાં આવશે.

હોટલનું FSSAI લાયસન્સ પણ એક્સપાયર થયાનુ તપાસમાં ખુલ્યું

# તરસાલીની ‘સર્વોત્તમ’ હોટલમાં સબ્જીમાંથી જીવડું નીકળતા ગ્રાહક સ્તબ્ધ થયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલી હોટલ સર્વોત્તમ ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. આ વખતે હોટલમાંથી ઘરે મંગાવેલા જમવાના પાર્સલમાં ગંભીર બેદરકારી સામે આવી છે. ગ્રાહકે ઘરે જઈને પાર્સલ ખોલતા જ સબ્જીમાંથી જીવતું જીવડું નીકળ્યું હતું. આ ઘટના બાદ જાગૃત ગ્રાહકે હોટલની તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે હોટલનું ફૂડ લાયસન્સ (FSSAI) પણ પૂરું થઈ ગયું છે, છતાં બેરોકટોક ખાણી-પીણીનો ધંધો ચાલી રહ્યો છે. તરસાલી વિસ્તારના એક રહીશે હોટલ સર્વોત્તમમાંથી પરિવાર માટે જમવાનું પાર્સલ લીધું હતું. ઘરે જઈને જ્યારે જમવા માટે સબ્જીનું પેકિંગ ખોલવામાં આવ્યું ત્યારે તેમાં મોટું જીવડું તરતું જોવા મળ્યું હતું. આ દ્રશ્ય જોઈ ગ્રાહક અને તેમનો પરિવાર ચોંકી ઉઠ્યા હતા.

જો ગ્રાહકે ધ્યાન ન આપ્યું હોત તો મોટી સ્વાસ્થ્ય સંબંધી હોનારત સર્જાઈ શકી હોત. આ ઘટનાથી રોષે ભરાયેલા ગ્રાહકે જ્યારે ઓનલાઈન તપાસ કરી ત્યારે વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. હોટલ સર્વોત્તમનું સંચાલન કરવા માટે જરૂરી એવું FSSAI લાયસન્સ પણ રદ થઈ ગયું છે અથવા તેની મુદત પૂરી થઈ ગઈ છે. આમ, લાયસન્સ વગર જ ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ આ પહેલીવાર નથી જ્યારે હોટલ સર્વોત્તમ વિવાદમાં આવી હોય. અગાઉ આ જ હોટલના સૂપમાંથી ગરોળી નીકળવાની ઘટનાએ ભારે હોબાળો મચાવ્યો હતો. વારંવાર આવી ગંભીર ફરિયાદો ઉઠવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં કેમ લેવામાં આવતા નથી તેવો પ્રશ્ન સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યો છે. હોટલ સંચાલકોની આ ઉઘાડી લૂંટ અને બેદરકારી સામે ગ્રાહકે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ માં ફરિયાદ કરી છે. ગ્રાહકોની માંગ છે કે આ હોટલ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે જેથી અન્ય કોઈ પરિવારના સ્વાસ્થ્ય સાથે આવા જોખમી પ્રયોગો ન થાય.

નંદેસરીની ઓરિએન્ટલ કંપનીનો ‘તાનાશાહી’ નિર્ણય

# 27 કર્મચારીઓને કારણ વગર પાણીચું પકડાવતા રોષનો જ્વાળા

વડોદરા કલેક્ટર કચેરી કર્મચારીઓના સૂત્રોચ્ચારથી ગુંજી




(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરના ઔદ્યોગિક હબ ગણાતા નંદેસરી જીઆઈડીસી વિસ્તારમાંથી કર્મચારીઓના શોષણનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નંદેસરીમાં આવેલી જાણીતી ‘ઓરિએન્ટલ કંપની’ દ્વારા કોઈપણ જાતની પૂર્વ સૂચના કે યોગ્ય કારણ વગર એકસાથે 27 જેટલા કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતા ભારે હોબાળો મચ્યો છે. વર્ષોથી પરસેવો પાડીને કંપનીને સીંચનારા આ કર્મચારીઓને અચાનક “પાણીચું” પકડાવી દેવાતા અનેક પરિવારોની રોજીરોટી પર સંકટના વાદળો છવાયા છે. મળતી માહિતી મુજબ, કંપની તંત્ર દ્વારા લેવાયેલા આ મનસ્વી નિર્ણયને પગલે કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે તેમને કોઈ પણ નોટિસ આપ્યા વિના કે સાંભળ્યા વિના ગેરકાયદેસર રીતે છૂટા કરી દેવાયા છે. સામાન્ય રીતે નંદેસરી વિસ્તાર પ્રદૂષણને લઈને વિવાદોમાં રહેતો હોય છે, પરંતુ આ વખતે મામલો કર્મચારીઓના હક અને અધિકારનો બન્યો છે. પોતાના હક માટે લડત આપવા આજે મોટી સંખ્યામાં પીડિત કર્મચારીઓ સામાજિક કાર્યકર લખન દરબારની આગેવાનીમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. કલેક્ટર કચેરીનું પ્રાંગણ કર્મચારીઓના જોરદાર સૂત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. કર્મચારીઓએ કંપની તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જિલ્લા કલેક્ટરને લેખિત આવેદન પત્ર પાઠવી તાત્કાલિક ન્યાયની માંગ કરી હતી.

ગાડી પર વિના સેફ્ટીએ ઊભા રહી યુવકે નિયમોનુ ઉલ્લંઘન કર્યું

# ટી-20 વર્લ્ડ કપની મેચમાં ઈન્ડિયાના જીતની ઉજવણીમાં યુવકનો જોખમી સ્ટંટ



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

સતત ત્રીજી વખત ટી 20 વર્લ્ડ કપ ભારતે જીતી ઈતિહાસ રચ્યો છે. સમગ્ર દેશમાં જીતનો જશ્ન મનાવાયો હતો. ત્યારે,વડોદરામાં પણ આ ભવ્ય જીતની ઉજવણીમાં એક યુવકે કાર પર ચડી જઈ જોખમી સ્ટંટ કર્યો હતો. બીજી તરફ તેની બાજુમાં બાઈક પર સવાર બે યુવકો પૈકી બાઈક ચલાવનાર યુવકે પણ એક હાથે બાઈકનું સ્ટેયરિંગ પકડી અને બીજા હાથે મોબાઈલથી કાર પર ચડી જીત મનાવી રહેલા યુવકનો વીડિયો ઉતાર્યો હતો.

આ બંને યુવકોએ પોતાનો જીવ જોખમમાં મૂકી નિયમોના લીરેલીરા ઉડાવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. વડોદરામાં ભારતના જીતની વર્લ્ડ કપ જીતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાત્રી દરમિયાન ક્રિકેટપ્રેમીઓ જાહેર માર્ગ પર ઉમટી પડ્યા હતા અને તિરંગા સાથે જીતનો ઉત્સવ મનાવ્યો હતો. બીજી તરફ આ ઉજવણીમાં એક યુવકે નિયમોના લીરેલીરા ઉડાવી પોતાનો અને અન્યના જીવ જોખમમાં મૂકી દીધા હતા.

# MSUની કોમર્સ ફેકલ્ટીમાં છ વર્ષના વિરામ બાદ અર્થરંગ 2026નો પ્રારંભ



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં છ વર્ષના વિરામ બાદ સાંસ્કૃતિક મહોત્સવ અર્થરંગ 2026નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. વર્ષ 2020 બાદ પ્રથમ વખત આયોજિત આ મહોત્સવને લઈને વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન બલૂન ઉડાવીને કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની કોમર્સ ફેકલ્ટીમાં આયોજિત અર્થરંગ 2026નો આ મહોત્સવ 13 માર્ચ સુધી એમ કુલ પાંચ દિવસ સુધી યોજાશે. જેના કારણે સમગ્ર કેમ્પસમાં ઉત્સવમય માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે પિંક ડે તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે યોજાયેલી જેવી વિવિધ સ્પર્ધાઓમાં 550 થી વધુ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મહિલા શક્તિનો સંદેશ પાઠવ્યો હતો. કોમર્સ ફેકલ્ટીના સ્પોર્ટ્સ ડીન વિશાલ શાહે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સુષુપ્ત પ્રતિભાને બહાર લાવવા તેમજ તેમને પોતાનું કૌશલ્ય દર્શાવવા માટે અર્થરંગ એક મહત્વપૂર્ણ મંચ સાબિત થતો રહ્યો છે. આ મહોત્સવ દ્વારા કોમર્સના વિદ્યાર્થીઓની સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને ઊર્જાવાન ભાવનાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. નવમી માર્ચથી તેર મી માર્ચ સુધીના પાંચ દિવસ ચાલનારા અર્થરંગના આ કાર્યક્રમોમાં મોકટેઈલ મેકિંગ, ફાયરલેસ કુકિંગ-સલાડ મેકિંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ગિફ્ટ રેપિંગ, રંગોલી, મહેંદી, ટ્રેઝર હન્ટ, ડાન્સ, ડ્રામા, મ્યુઝિક, અંતાક્ષરી, ફિલ્મ મેકિંગ, બેન્ડ, મીમીક્રી, શોર્ટ ફિલ્મ મેકિંગ, રિલ્સ મેકિંગ, ફોટોગ્રાફી, કાર્ટૂન મેકિંગ, પોસ્ટર મેકિંગ, પેઈન્ટિંગ, ટીશર્ટ પેન્ટિંગ, કેરેક્ટર ડે, ડિબેટ, નિબંધ સ્પર્ધા, કવિતા સ્પર્ધા સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.